INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com

---

અખબારી યાદી તા. ૧૨-૦૭-૨૦૨૩

- **જીવનજરૂરી ચીજવસ્તુના ભાવ તો આસમાને પહોચ્યા જ છે પણ હવે તો રસોઈમાં વપરાતા મસાલામાં પણ અસહ્ય ભાવ વધારો: છેલ્લા છ મહિનામાં જુદા જુદા મસાલામાં ૨૫ ટકાથી લઈને ૪૦ ટકા સુધીનો ભાવ વધારો**
- **મોંઘવારીથી પીડામાંથી બહાર આવવા ભાજપ સરકારે વક્તવ્યને બદલે 'કર્તવ્ય' પર ધ્યાન આપેઃ નીતનવા માર્કેટિંગ માટેના નામો અને નારાથી સામાન્ય-મધ્યમ વર્ગના લોકોનું પેટ ભરાતું નથી**

ગરીબ વિરોધી ભાજપ સરકારના શાસનમાં પેટ્રોલ-ડીઝલ, એલપીજી ગેસ, સીલીન્ડર, તેલ, શાકભાજી જેવી જીવનજરૂરી ચીજવસ્તુના ભાવ આસમાને પહોચ્યા જ છે હવે તો રસોઈમાં વપરાતા મસાલામાં થતા અસહ્ય ભાવ વધારા અંગે ભાજપ સરકાર પર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તાશ્રી હિરેન બેન્કરએ જણાવ્યું હતું કે અચ્છે દિન, અમૃતકાળ જેવા નીતનવા માર્કેટિંગ માટેના નામો અને નારાથી સામાન્ય-મધ્યમ વર્ગના લોકોનું પેટ ભરાતું નથી. રૂપાળા સુત્રો દ્વારા ભ્રામકતા ઉભી કરી સત્તા મેળવનાર ભાજપ સરકારે દેશની જનતા સાથે છેતરપીંડી કરી છે. ભાજપ સરકારના લુંટકાળમાં જાનલેવા મોંઘવારીમાં જનતાની બચત પર રોજ લુટ ચાલી રહી છે. દૂધ, દહીં, ઘી, ચા, ખાંડ સહીતની રોજીંદા જીવનની ખાવાપીવાની ચીજવસ્તુઓ તો અસહ્ય મોંઘી થઈ જ છે તેની સાથે સાથે ગૃહિણીના રસોડામાં આગ લાગી હોય તેમ મસાલાઓમાં પણ આગ ઝરતી તેજી જોવા મળી રહી છે. છેલ્લા છ મહિનામાં જુદા જુદા મસાલામાં ૨૫ ટકાથી લઈને ૪૦ ટકા સુધીનો ભાવ વધારો થયો છે. જાન્યુઆરીમાં ૩૫૦-૩૭૫ રૂપિયે કિલો મળતું જુરું હાલ ૬૭૫-૭૦૦ રૂપિયે કિલો, લાલ મરચું ૨૨૦-૨૫૦થી વધીને ૩૨૫-૩૫૦ અને લવિંગ ૭૦૦-૮૦૦ રૂપિયે કિલો મળતું હતું એ આજે ૧૦૦૦-૧૧૦૦ પ્રતિકિલોને પાર થયું છે. આ સિવાય ધાણા, હળદર, સુંઢ, વરિયાળી, મેથી, અજમો, અને મરી સહીતના રોજીંદા વપરાશના મસાલામાં અસહ્ય ભાવ વધારાએ ગૃહિણીનું બજેટ ખોરવી નાખ્યું છે. ભાજપ સરકારના અણઘડ વહીવટ અને સામાન્ય-મધ્યમવર્ગ વિરોધી નીતિઓને કારણે ગુજરાતના યુવાનો, મહિલાઓ, ખેડૂતો અને નાના ઉદ્યોગો-વેપારીઓ મુશ્કેલીમાં મૂકાયા છે.

મોંઘવારી દુર કરવાના વચનો આપનારી ભાજપ સરકારએ સાત વર્ષમાં ક્યાંય ભાવ ઘટાડો કર્યો નથી. મોંઘવારીથી પીડામાંથી બહાર આવવા ભાજપ સરકારે વક્તવ્યને બદલે 'કર્તવ્ય' પર ધ્યાન આપે તો કઈક અંશે નાગરીકોને રાહત મળશે. માત્ર મોટી મોટી વાતો અને રૂપાળા સુત્રોથી રાહત નહિ મળે. લુંટકાળમાંથી રાહત માટે ભાજપ સરકાર સત્વરે નક્કર પાગલ ભરે તેવી કોંગ્રેસ પક્ષ માંગ કરે છે.

| ક્રમ | જીવનજરૂરીની વસ્તુ | જાન્યુઆરી ૨૦૨૩ પ્રતિ કિલો | જુલાઈ ૨૦૨૩ પ્રતિ કિલો |
|---|---|---|---|
| ૧ | લાલ મરચું | ૨૨૦-૨૫૦ | ૩૨૫-૩૫૦ |
| ૨ | જીરું | ૩૫૦-૩૭૫ | ૬૭૫-૭૦૦ |
| ૩ | લવિંગ | ૭૦૦-૮૦૦ | ૧૦૦૦-૧૧૦૦ |
| ૪ | જીરું | ૩૫૦-૩૭૫ | ૬૭૫-૭૦૦ |
| ૫ | હળદર | ૧૭૫-૧૯૫ | ૨૦૦-૨૨૦ |
| ૬ | વરિયાળી | ૧૭૫-૨૦૦ | ૨૦૦-૨૫૦ |
| ૭ | મેથી | ૧૮૦-૨૦૦ | ૩૦૦-૩૨૫ |
| ૮ | ઘઉંનો લોટ | ૨૫-૨૭ | ૩૪.૮૬ |
| ૯ | અડદની દાળ | ૯૫ | ૨૧૯ |
| ૧૦ | તુવેરની દાળ | ૭૨ | ૧૮૦ |
| ૧૧ | સુંઠ | ૨૦૦-૨૫૦ | ૩૭૫-૪૦૦ |

હિરેન બેંકર

(હિરેન બેંકર)
પ્રવક્તા, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ